Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ સુદ અગિયારસ શુક્રવાર ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૦૭ પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

### ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના પ્રકરણના મુદ્દે સીજેઆઇની નારાજગી પછી લેવાયેલું પગલું

# સુપ્રીમે NCERTના પુસ્તક પર પ્રતિબંધ મૂક્યો

**સરકારે** પણ આઠમા ધોરણના સામાજીક વિજ્ઞાનના પુસ્તકમાં આ પ્રકરણના સમાવેશ અંગે ખેદ વ્યક્ત કર્યો

**સુપ્રીમની** ટીપ્પણી : એક ગોળી ચલાવવામાં આવી જેનાથી સંસ્થા લોહીલુહાણ થઇ છે

**આ પુસ્તકનું** વિતરણ અટકાવી દેવાયું

**નવી દિલ્હી/જમશેદપુર, તા. 26 (PTI):** સુપ્રીમ કોર્ટે ગુરુવારે NCERTના ધોરણ 8ના સામાજિક વિજ્ઞાનના પુસ્તકના કોઈપણ વધુ પ્રકાશન, પુનઃમુદ્રણ અથવા ડિજિટલ પ્રસારણ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે. આ પુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અંગેની વાંધાજનક સામગ્રી હોવાનું જણાવતા કોર્ટે ટિપ્પણી કરી હતી કે, એક ગોળી ચલાવવામાં આવી છે અને સંસ્થા લોહીલુહાણ થઈ છે. સરકારે પણ પુસ્તકમાં આ વિવાદાસ્પદ વિભાગના સમાવેશ અંગે ખેદ વ્યક્ત કર્યો છે.

અપમાનજનક પાઠ્યપુસ્તક પર કડક વાંધો ઉઠાવતા, સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે તે સંસ્થાકીય સત્તાને

...અનુસંધાન પાના 4 પર

### સરકારે આ પ્રકરણ તૈયાર કરનારાઓ સામે કડક કાર્યવાહીની ખાતરી આપી

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આ માટે જવાબદારી નક્કી કરવાનું અને પ્રકરણ તૈયાર કરવામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું છે. ન્યાયતંત્રની ગરિમાને ઠેસ પહોંચાડવા અને સંસ્થાને બદનામ કરવા માટે આ એક ઊંડું ષડયંત્ર અને ગણતરીપૂર્વકની ચાલ હોવાનું અવલોકન કરતા સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે હાલમાં ચલણમાં રહેલી આ પુસ્તકની તમામ ભૌતિક

...અનુસંધાન પાના 4 પર

### મોદી પણ NCERTના પાઠ્યપુસ્તક સામે નારાજ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધોરણ 8ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના ઉલ્લેખ સામે નારાજગી વ્યક્ત કરી છે. કેબિનેટ બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ NCERTના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ સામગ્રી પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે ખાસ કરીને બે બાબતો પર ભાર મૂક્યો:

**વયની યોગ્યતા :** શું 13-14 વર્ષના બાળકોને સંસ્થાગત ભ્રષ્ટાચાર જેવા સંવેદનશીલ વિષયો ભણાવવા જોઈએ?

**દેખરેખનો અભાવ:** આવા લખાણને મંજૂરી કોણે આપી અને પાઠ્યપુસ્તકો તૈયાર કરતી વખતે તેની દેખરેખ કોણ રાખી રહ્યું છે?

વડાપ્રધાનના મતે, આટલી નાની ઉંમરે ન્યાયતંત્ર જેવી લોકશાહીની મહત્વની સંસ્થા વિશે નકારાત્મક બાબતો શીખવવાથી બાળકોના માનસ પર વિપરીત અસર પડી શકે છે. સરકાર હવે આ વિષયને મંજૂરી આપતી પ્રક્રિયાની તપાસ કરી શકે છે

# ભારત-ઈઝરાયેલ સંબંધો વ્યુહાત્મક ભાગીદારીની ઉંચાઇએ

**મોદી,** નેતાન્યાહુ મંત્રણા બાદ બંને દેશો વચ્ચે ૧૭ કરારો અને સમજૂતિઓ

**બંને** દેશોએ આતંકવાદને વખોડી કાઢ્યો




**જેરુસલેમ, તા. 26 (PTI):** ભારત અને ઈઝરાયેલે ગુરુવારે તેમના સમયની કસોટી પર ખરા ઉતરેલા સંબંધોને વિશેષ વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કર્યા છે અને લાંબા સમયથી રાહ જોવાઈ રહેલા મુક્ત વ્યાપાર કરારને ઝડપી બનાવવા સંમતિ આપી છે. આ સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાઝા શાંતિ પહેલને સમર્થન આપતા ભારપૂર્વક જણાવ્યું હતું કે માનવતા ક્યારેય સંઘર્ષનો ભોગ બનવી જોઈએ નહીં.

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે વ્યાપક મંત્રણા કર્યા બાદ પોતાના મીડિયા નિવેદનમાં મોદીએ કહ્યું કે ભારતનું સુરક્ષા હિત મધ્ય પૂર્વમાં શાંતિ અને સ્થિરતા સાથે સીધું જોડાયેલું છે અને નવી દિલ્હી ગાઝા સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે સતત હિમાયત કરી રહ્યું છે. બંને વડાપ્રધાનો વચ્ચેની બેઠક બાદ, ભારત અને ઈઝરાયેલે કુલ ૧૭ સમજૂતીઓ અને દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા હતા, જે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, વ્યાપાર, રોકાણ, શિક્ષણ, ઉત્પાદન, સંસ્કૃતિ, દરિયાઈ વારસો, કૃષિ અને અન્ય અનેક ક્ષેત્રોમાં ઊંડા સહકાર પૂરો પાડશે.

બંને પક્ષોએ ટેકનોલોજીના હસ્તાંતરણના માળખા હેઠળ લશ્કરી સાધનોના સંયુક્ત વિકાસ અને સંયુક્ત ઉત્પાદન તરફ કામ કરીને તેમની પહેલેથી જ ગાઢ સંરક્ષણ ભાગીદારીને વિસ્તારવાની પણ પ્રતિજ્ઞા લીધી હતી. વિદેશ સચિવ વિક્રમ મિસરીના જણાવ્યા અનુસાર, મંત્રણામાં અમેરિકા-ઈરાન ગતિરોધ અને પ્રદેશના અન્ય મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી અને વડાપ્રધાન મોદીએ સંવાદના મૂલ્યમાં ભારતનો અડગ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો તેમજ શાંતિપૂર્ણ ઉકેલ લાવવા માટે જો જરૂર પડે તો સહયોગ આપવાની તૈયારી પુન:ઉચ્ચારી હતી. આ સાથે જ

...અનુસંધાન પાના 4 પર

### ઇઝરાયેલમાં ભારતના UPI ના ઉપયોગ માટે સમજૂતી થઈ

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ કહ્યું હતું કે એઆઇ સહિતની બાબતોમાં ભાગીદારી કરવા બંને દેશો સંમત થયા છે. ટેકનોલોજી વિશે વાત કરતા તેમણે જાહેરાત કરી કે બંને દેશો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ક્વોન્ટમ અને જટિલ ખનિજોના ક્ષેત્રમાં નવી ગતિ આપવા માટે 'ક્રિટિકલ એન્ડ ઇમર્જિંગ ટેકનોલોજી' ભાગીદારી સ્થાપિત કરશે. આ ઉપરાંત, ઈઝરાયેલમાં UPI ના ઉપયોગ માટે સમજૂતી થઈ હોવાની પણ તેમણે ખુશી વ્યક્ત કરી હતી. સંરક્ષણ ક્ષેત્રે ભારત 'સુદર્શન ચક્ર' નામનું સ્વદેશી એર ડિફેન્સ શિલ્ડ વિકસાવી રહ્યું છે, જેમાં ઈઝરાયેલની 'આયર્ન ડોમ' સિસ્ટમના ચોક્કસ તત્વોનો સમાવેશ કરવાની સંભાવનાઓ પણ તપાસવામાં આવી છે.

### મોદી સાથેની ડીનર બેઠકમાં નેતાન્યાહુએ ભારતીય પોષાક પહેર્યો



**મોદીએ** આ પોષાકની પ્રશંસા કરતા કહ્યું : બહુત હી શાનદાર!

**નવી દિલ્હી, તા. 26:** ઇઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ બુધવારે સાંજે જેરૂસલેમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની ડિનર મીટિંગમાં ભારતીય પોશાક પહેરીને ઉપસ્થિત રહ્યા હતા. નેતન્યાહુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર ભારતીય પીએમનું સ્વાગત કરતો એક વીડિયો પોસ્ટ કરતા લખ્યું, મેં પરંપરાગત ભારતીય પોશાક પહેરીને મારા મિત્ર વડાપ્રધાન મોદીને આશ્ચર્યચકિત કર્યા. વડાપ્રધાન મોદીએ જવાબમાં લખ્યું, બહુત હી શાનદાર!, આ વીડિયો ક્લિપ ઓનલાઇન ખૂબ વાયરલ થઈ હતી અને ઘણા લોકોએ તેને ભારત અને ઇઝરાયેલના ગાઢ સંબંધોના

...અનુસંધાન પાના 4 પર




### રાજદ્વારી ભોજન અને યજમાનની મર્યાદા

સેશેલ્સના રાષ્ટ્રપતિ માટે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ભોજન સમારંભના મેનૂએ એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે. પ્રશ્ન એ ઊભો થયો છે કે, શું ભારત સરકાર માટે વિદેશી મહાનુભાવોને માત્ર શાકાહારી ભોજન પીરસવું યોગ્ય છે? એક વરિષ્ઠ પત્રકારના દાવાને સમર્થન આપતા તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ જણાવ્યું હતું કે, વિદેશી મહેમાનો રાષ્ટ્રપતિ ભવન કે હૈદરાબાદ હાઉસના ભોજન બાદ પોતાની હોટેલમાં જઈને અલગથી જમવાનું મંગાવતા હોય છે. તેમણે દાવો કર્યો કે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને જી20 સમિટના બાજરી આધારિત ભોજન બાદ પોતાના રૂમમાં બ્રેડ, ચીઝ અને કોલ્ડ કટ્સની માંગ કરી હતી. શું સારા યજમાનોએ મહેમાનો પર પોતાની આહાર પદ્ધતિ લાદવી જોઈએ? અને શું વિદેશી મહેમાનોને ભૂખ્યા પેટે ઘરે પાછા મોકલવા એ સ્માર્ટ ડિપ્લોમસી છે? જે લોકો માંસાહારી વાનગીઓ અને ભારે ભોજનના આદિ છે, તેમને હાલમાં પીરસવામાં આવતું

...અનુસંધાન પાના 4 પર

તા. ૨૬-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૬° સે. | ૧૯.૨° સે. | ૩૭% |

# મની લોન્ડરિંગ કેસમાં EDએ અનિલ અંબાણીની નવ કલાક પૂછપરછ કરી

**મધ્ય** દિલ્હીમાં ઇડીની કચેરીએ સવારે ૧૦-૩૦ કલાકે આવી પહોંચેલા અનિલ અંબાણી રાત્રે ૮-૨૦ વાગ્યે બહાર નિકળ્યા

**૪૦૦૦૦** કરોડના બેંક ફ્રોડ કેસમાં PMLAની જોગવાઇ હેઠળ નિવેદન નોંધવામાં આવ્યું



**નવી દિલ્હી, તા. 26 (PTI):** રિલાયન્સ ગ્રુપના અધ્યક્ષ અનિલ અંબાણી ગુરુવારે બેંક છેતરપિંડી સાથે જોડાયેલા મની લોન્ડરિંગના કથિત કેસમાં બીજા રાઉન્ડની પૂછપરછ માટે અહીં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા હતા. ઈડીએ આજે તેમની નવ કલાક કરતા વધુ સમય સુધી પૂછપરછ કરી હતી.

૬૬ વર્ષીય ઉદ્યોગપતિ સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મધ્ય દિલ્હીમાં આવેલી ફેડરલ તપાસ એજન્સીની ઓફિસમાં પ્રવેશ્યા હતા અને રાત્રે ૮.૨૦ કલાકના સુમારે બહાર નિકળ્યા હતા. એજન્સીના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓએ પ્રિવેન્શન ઓફ મની

...અનુસંધાન પાના 4 પર

### હોળી માટે ભારે ધસારો

# ટ્રેનો, ફ્લાઈટોનું બુકીંગ ફૂલ, એક બસ ટિકીટના રૂ. 3000 !

**રાજધાની,** દુરંતો જેવી પ્રીમિયર ટ્રેનો માટે પણ લાંબુ વેઇટિંગ લિસ્ટ

**ખાનગી** બસ વાળા દિલ્હીથી બિહાર જેવા રૂટ પર એક સીટ માટે ત્રણથી ચાર હજાર રૂપિયા પડાવી રહ્યા છે

**નવી દિલ્હી, તા. 26 :** ઉત્તર ભારતમાં હોળીનો ધસારો ચરમસીમાએ પહોંચ્યો છે. ફ્લાઈટની ટિકિટો રૂ. ૨૦,૦૦૦ના આંકડાને વટાવી ગઈ છે. આ દરમિયાન, રાજધાની અને દુરંતો એક્સપ્રેસ જેવી પ્રીમિયમ સેવાઓમાં લાંબુ વેઈટિંગ લિસ્ટ છે અને હાઈ-પ્રાયોરિટી સેક્ટર્સમાં 'REGRET' (બુકિંગ બંધ) જોવા મળી રહ્યું છે. ભારતીય રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલી વધારાની હોળી સ્પેશિયલ ટ્રેનોમાં પણ વેઈટિંગ લિસ્ટ છે, જેના કારણે મુસાફરો કન્ફર્મ ટિકિટ માટે ફાંફા મારી રહ્યા છે.

૪ માર્ચે હોળી અને ૩ માર્ચે હોલિકા દહન હોવાથી ઉત્તર અને પૂર્વ ભારત જવા માટેની ટ્રેનોમાં પ્રચંડ ભીડ જોવા મળી રહી છે. જે લોકો ફ્લાઈટ પરવડી શકે તેમ છે તેઓ ગમે તેટલા ઊંચા ભાવે પણ બુકિંગ કરાવી રહ્યા છે. પરંતુ જેઓ નથી કરી શકતા - અને તે ભારતમાં માઈગ્રન્ટ કામદારોનો મોટો ભાગ છે તેમના માટે ટ્રેનો જ એકમાત્ર આશરો છે.

પ્રીમિયમ ટ્રેનોમાં ભાડા ડાયનેમિક હોવા છતાં બેઠકો ખાલી નથી. નિયમિત મેઈલ અને એક્સપ્રેસ ટ્રેનોમાં બુકિંગ શરૂ થતાની સાથે જ વેઈટિંગ લિસ્ટ ત્રણ આંકડામાં પહોંચી ગયું હતું. બીજા રાજ્યોમાં નોકરી કરનારાઓ માટે હવે બસ છેલ્લો વિકલ્પ બની છે. દિલ્હીના આનંદ વિહાર ISBT ખાતે એજન્ટો એક સીટના રૂ. ૩,૦૦૦ થી

...અનુસંધાન પાના 4 પર

# અફઘાનિસ્તાનના વળતા હુમલામાં પાકિસ્તાની લશ્કરને ભારે જાનહાનિ

**પાકિસ્તાને** ૨૨મીએ કરેલા હવાઇ હુમલાના બદલામાં અફઘાન દળોએ કરેલા હુમલામાં નવ પાકિસ્તાની સૈનિકોને ગંભીર ઇજાના અહેવાલ

**કેટલીક** સરહદી ચોકીઓ અફઘાન દળોએ કબજે કરી હોવાના પણ અહેવાલ, સામસામો ભારે ગોળીબાર અને તોપમારો ચાલુ

**કાબૂલ, તા. 26:** અફઘાનિસ્તાને ૨૨ ફેબ્રુઆરીના રોજ ઈસ્લામાબાદના હવાઈ હુમલાના જવાબમાં પાકિસ્તાની સૈન્ય સુવિધાઓને નિશાન બનાવીને ગુરુવારે મોટા પાયે આક્રમણ શરૂ કર્યું હતું. વિવાદાસ્પદ દુરંદ લાઈન પર અશાંત ખૈબર પખ્તુનખ્વા જિલ્લામાં પાકિસ્તાની સુરક્ષા દળો અને અફઘાન લડવૈયાઓ વચ્ચે ભારે લડાઈ ફાટી નીકળતા સરહદ પર તણાવ વણસ્યો હતો. અફઘાન લશ્કરી સત્તાવાળાઓએ આજે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનના હવાઈ હુમલાઓના વળતા જવાબમાં હુમલાઓ શરૂ કરવામાં આવ્યા છે.

અફઘાન તાલિબાનના પ્રવક્તા મુજાહિદે X (ટ્વિટર) પર પુષ્ટિ કરી હતી કે કાબુલે પાકિસ્તાની સૈન્ય ચેકપોસ્ટોને નિશાન બનાવીને મોટા પાયે વળતો હુમલો શરૂ કર્યો છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાનના સૈન્ય વર્તુળો દ્વારા કરવામાં આવેલા

...અનુસંધાન પાના 4 પર

### એર ટિકિટ રિફંડના નિયમોમાં DGCAએ ફેરફાર કર્યા

# બુકિંગના 48 કલાકમાં એર ટિકિટ ફ્રી કેન્સલેશનની સુવિધા

**નવી દિલ્હી, તા. 26 (PTI):** એવિએશન વોચડોગ DGCA એ ટિકિટ રિફંડના નિયમોમાં સુધારો કર્યો છે, જેના કારણે હવે મુસાફરો અમુક શરતોને આધીન, બુકિંગ કર્યાના 48 કલાકની અંદર કોઈપણ વધારાના ચાર્જ વગર એર ટિકિટ કેન્સલ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે. જો કે, આ વિકલ્પ એવી ડોમેસ્ટિક ફ્લાઈટ બુકિંગ માટે ઉપલબ્ધ રહેશે નહીં જેમાં પ્રસ્થાનની તારીખ 7 દિવસથી ઓછી હોય, અને આંતરરાષ્ટ્રીય બુકિંગના કિસ્સામાં પ્રસ્થાનની તારીખ 15 દિવસથી ઓછી ન હોવી જોઈએ. મુસાફરો માટે વધુ અનુકૂળ

...અનુસંધાન પાના 4 પર

**DGCA નવા રિફંડ નિયમો: એક નજરે**

| વિગત | સુધારેલો નિયમ | શરત |
|---|---|---|
| ફ્રી કેન્સલેશન | બુકિંગના 48 કલાકમાં કોઈ ચાર્જ નહીં | ફ્લાઇટના 7 કે 15 દિવસ પહેલા બુકિંગ હોવું જોઈએ. |
| નામમાં સુધારો | બુકિંગના 24 કલાકમાં ફ્રી સુધારો | એરલાઇનની વેબસાઇટ પરથી ડાયરેક્ટ બુકિંગ. |
| રિફંડનો સમય | મહત્તમ 14 કામકાજના દિવસો | એજન્ટ દ્વારા ટિકિટ હોય તો પણ જવાબદારી એરલાઇનની. |
| મેડિકલ ઇમરજન્સી | પૂર્ણ રિફંડ અથવા ક્રેડિટ શેલ | મુસાફર કે પરિવારજન હોસ્પિટલમાં દાખલ હોય તો. |

### પહેલી એપ્રિલથી પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવા ભારત સરકારનો આદેશ

**નવી દિલ્હી, તા. 26:** ભારત સરકારની સ્વચ્છ ઈંધણ યોજના હેઠળ દેશભરમાં વેચાતા પેટ્રોલમાં ટૂંક સમયમાં ઇથેનોલનું પ્રમાણ વધશે. અહેવાલ અનુસાર, 1 એપ્રિલ, 2026 થી ઓઇલ કંપનીઓએ 20% સુધી ઇથેનોલ મિશ્રિત પેટ્રોલ વેચવું પડશે અને ગુણવત્તાના ચોક્કસ માપદંડો પૂર્ણ કરવા પડશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે 17 ફેબ્રુઆરીએ બહાર

...અનુસંધાન પાના 4 પર

# અમેરિકા-ઈરાન વચ્ચે પરોક્ષ અણુ મંત્રણાનો વધુ એક રાઉન્ડ યોજાયો

**બીજી** તરફ અમેરિકા મધ્ય પૂર્વમાં લડાયક વિમાનો અને યુદ્ધ જહાજોનો વિશાળ કાફલો એકઠો કરી રહ્યું છે



**જીનીવા, તા. 26 (AP):** ઈરાન અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે ગુરુવારે જીનીવામાં પરોક્ષ મંત્રણાનો વધુ એક રાઉન્ડ યોજાયો હતો. આ મંત્રણાનો હેતુ તેહરાનના પરમાણુ કાર્યક્રમ અંગે સમજૂતી સાધવાનો અને સંભવિત યુદ્ધને ટાળવાનો છે, જ્યારે કે અમેરિકા મધ્ય પૂર્વમાં લડાયક વિમાનો અને યુદ્ધ જહાજોનો વિશાળ કાફલો એકઠો કરી રહ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનના

...અનુસંધાન પાના 4 પર